અપીલ અરજી નં.૨૫૮ તા.૧૧–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશચંદ્ર જયંતિલાલ વ્યાસ

સામાવાળાઃ– ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશચંદ્ર જયંતિલાલ વ્યાસની તા.૨૨–૯–૦૯ ની અરજીથી રૂા.૨૪.૮૯ લાખ કયા કયા બચત જુથ ના કયા સભ્ય તે કેટલા રૂપિયા ચુકવવાના છે? આમાંથી કયા સભ્યોની લોન ભરપાઈ કરવાની બાકી છે? તેની સંપુર્ણ વિગત સુરત મહાનગરપાલિકાના જવાબદાર કર્મચારી/ અધિકારી ધ્વારા પ્રમાણિત નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૫૮/૨૦૦૯–૧૦

શ્રી નરેશચંદ્ર જયંતિલાલ વ્યાસની તા.૨૨–૯–૦૯ ની અરજીથી રૂા.૨૪.૮૯ લાખ કયા કયા બચત જુથ ના કયા સભ્ય તે કેટલા રૂપિયા ચુકવવાના છે? આમાંથી કયા સભ્યોની લોન ભરપાઈ કરવાની બાકી છે? તેની સંપુર્ણ વિગત સુરત મહાનગરપાલિકાના જવાબદાર કર્મચારી/ અધિકારી ધ્વારા પ્રમાણિત નકલ આપવા બાબતે ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુ.સી.ડી.)નાપત્ર નં.યુ.સી.ડી./૮૭૮ તા.૨૧–૧૦–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૯૧ તા.૧૩–૧૧–૦૯ ના રોજ ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી યુસીડી/ઈ.નં.૧૧૧૫ તા.૨૬–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, પ્રમુખશ્રી સુરત મહિલા બસ્તી વિકાસ સંઘને માહિતી પૂરી પાડવા અંગે પાઠવેલ પત્ર નં.યુસીડી/૮૦૩ તા.૨૯–૯–૦૯ ના પત્રની નકલ તથા કલમ–૧૧ હેઠળ રજૂઆત અંગે પાઠવેલ પત્ર નં.યુસીડી/૮૬૦ તા.૯–૧૦–૦૯ ના પત્રની નકલ, તથા તેના સંદર્ભે પ્રમુખશ્રી સુરત મહિલા બસ્તી વિકાસ સંઘના તા.૧૩–૧૦–૦૯ ના પત્રની નકલ, તથા જાહેર મીહિતી અધિકારીએ અરજદારને માહિતી અંગે પાઠવેલ પત્ર નં.યુસીડી/૮૭૮તા.૨૧–૧૦–૦૯ ના પત્રની નકલ અત્રે મળેલ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૨–૯–૦૯ ની અરજીથી રૂા.૨૪.૮૯ લાખ કયા કયા બચત જુથ ના કયા સભ્યને કેટલા રૂપિયા ચુકવવાના છે? આમાંથી કયા સભ્યોની લોન ભરપાઈ કરવાની બાકી છે? તેની સંપુર્ણ વિગત સુરત મહાનગરપાલિકાના જવાબદાર કર્મચારી/ અધિકારી ધ્વારા પ્રમાણિત નકલ આપવા બાબતે માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને પ્રમુખશ્રી સુરત મહિલા બસ્તી વિકાસ સંઘ, બીજો માળ, યુસીડી કચેરી, ઘાસ્તીપુરા સુરતને બચતજુથની બહેનોને બચતના ચૂકવવાના થતાં નાણાં રૂા.૨૪.૮૯ લાખ અંગે કયા કયા બચતજુથના, કયા સભ્યને કેટલા રૂપિયા ચૂકવવાના છે? આમાંથી કયા સભ્યોની લોન ભરપાઈ કરવાની બાકી છે? તેવી માહિતી પૂરી પાડવા પત્ર પાઠવવામાં આવેલ. તેમજ નં.યુસીડી/૮૬૦ તા.૯–૧૦–૦૯ થી કલમ–૧૧ હેઠળ ત્રાહિત વ્યકિત તરીકે પ્રમુખશ્રી સુરત મહિલા બસ્તી વિકાસ સંઘને સદર માહિતી બાબતે રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સુરત મહિલા બસ્તી વિકાસ સંઘ તરફથી તા.૧૩–૧૦–૦૯ ના પત્રથી તે માહિતી અમારી સંસ્થાના સભ્યોની વ્યકિતગત માહિતી હોવાથી માહિતી આપવી નહીં તેવો વાંધાજનક પત્ર રજૂ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ તેમના પત્ર નં.યુસીડી/૮૭૮ તા.૨૧–૧૦–૦૯ થી આપશ્રીએ માંગેલી માહિતી સુરત મહિલા બસ્તી વિકાસ સંઘની હોય તેઓના પત્રના અનુસંધાને તેઓએ તેઓની સંસ્થા,સભ્યોની વ્યકિતગત માહિતી હોય આપવા અસંમતિ દર્શાવેલ છે જેથી આરટીઆઈ એકટની કલમ–૧૧ હેઠળ અત્રેથી માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવી ઈન્કાર કરેલ છે. જે અંગે અરજદારે તા.૧૧–૧૧–૦૯ ના રોજ કરેલ અપીલ અરજી નં.જીએડી/ઈએસટી/૨૪૪ તા.૨૩–૬–૦૯ ના આદેશથી મારા પગારમાંથી કાપેલા નાણાં રૂા.૨૪.૮૯ લાખ કયા જુથના કયા સભ્યોને તેમની કેટલી બચત અને તેની સામે જો લોન લીધી હોય તો કઈ બાબતની કેટલી લોનના અવેજમાં કેટલા નાણા ચૂકવ્યા છે તેની યુસીડી અધિકૃત અધિકારી અને ચકાસણી કરી હોય તેવા જવાબદાર અધિકારીની સહીની નકલની માંગણી કરેલ છે જે મુળ અરજીથી અપીલ તબકકે કરેલી અલાયદી રજૂઆત કરેલ છે.

જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ એકટની કલમ–૧૧ હેઠળ ત્રાહિતને લગતી માહિતી ગણીને સુરત મહિલા બસ્તી વિકાસ સંઘ તેમના તા.૯–૧૦–૦૯ ના પત્રથી આ બાબતે સંઘનો માહિતી જાહેર કરવા સામે વાંધો હોય તો તે મંગાવેલ જે સામે સંઘ ધ્વારા માહિતી જાહેર કરવા સામે વાંધો લીધેલ છે. કલમ–૧૧ ની જોગવાઈ ધ્યાને લેતાં વેપાર કે વાણિજય રહસ્યો જે કાયદાથી રક્ષિત છે તે સિવાયના કિસ્સાઓમાં જો ત્રાહિતના હિતને થનાર નુકશાન સામે જાહેર હિત વધુ અગત્યનું લાગે તો જાહેર માહિતી અધિકારી માહિતી જાહેર કરી શકે તેવી જોગવાઈ છે. આમ આ નિર્ણય જાહેર માહિતી અધિકારીના વિવેક બુધ્ધિ ઉપર નિર્ભર છે. પ્રસ્તુત કેસમાં જાહેર માહિતી અધિકારી માહિતી જાહેર નહીં કરવાના નિર્ણય પર આવેલ છે. માંગેલ માહિતીની વિગતો જોતાં બચત જુથ અને તેના સભ્યોની લોન અને ચૂકવણીની માહિતી કાયદાની કલમ–૮(૧)(જે) હેઠળ વ્યકિતગત પ્રકારમાં પણ આવી શકે અને ૮(૧)(જે) ની જોગવાઈ ધ્યાને લેતાં એવી માહિતી જેને જાહેર હિત કે જાહેર પ્રવૃતિ સાથે સબંધ નથી અથવા તે જાહેર કરવાથી વ્યકિતગતની ગોપનીયતા પર બિનજરૂરી તરાપ આવે તેવી માહિતી જાહેર કરવામાં અપવાદ હેઠળ છે.

અરજદારે અપીલના તબકકે તેમના પગારમાંથી કાપેલા નાણાંનો ઉલ્લેખ કરેલ છે.જે મુળ અરજીમાં નથી. જેથી અપીલ તબકકે અરજદારની માહિતી માંગણી તેટલા અંશે મુળ અરજીથી સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મુળ અરજીથી માંગેલ માહિતી કલમ–૧૧ હેઠળ ત્રાહિતે લીધેલા વાંધા સામે જાહેર કરવા જાહેર માહિતી અધિકારીએ ઈન્કાર કરેલ હોય પ્રસ્તુત તબકકે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે જાહેર માહિતી અધિકારીનો નિર્ણય બહાલ રાખવામાં આવે છે અને અપીલ દફતરે કરવામાં આવે છે.

અપીલ તબકકેની અરજદારની પૂરક માંગણી બાબતે અરજદાર કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલાયદી અરજી કરી માહિતી માંગવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) ઈ.ચા.પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી (યુસીડી)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશચંદ્ર જયંતિલાલ વ્યાસ